જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૦/૫/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૫૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ અને ૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭,૫૫૦/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૦૫૫/૧૭**

**વસ્ત્રાપુર :** અમીષભાઇ અરવિંદભાઈ શાહ (ઉ.વ.૪૬)(રહે, સ્વયંમભુ એપાર્ટમેન્ટ આઝાદ સોસાયટી રોડ આંબાવાડી) એ તા.૧૯/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૧૬ થી તા.૧૧/૦૫/૨૦૧૭ દરમ્યાન આરોપી મહેશ પટેલ તથા તેના ભાઈઓ (જેઓના નામ ખબર નથી)(રહે.ચીન્મય એપાર્ટમેન્ટ નહેરુપાર્ક વસ્ત્રાપુર) નાઓએ ભેગામળી અમીષભાઇને વિશ્વાસમાં લઇ, તેમની વસ્ત્રાપુર માનસી સર્કલ પાસે, હારમની કોમ્પલેક્ષમાં દુકાન નંબર - ૭ માં આવેલ ઉમીયા ટ્રેડીગ નામની કરીયાણાની દુકાનમાંથી કરીયાણાનો ઉધાર માલ કુલ કિંમત રૂપિયા ૧૨,૦૬,૭૭૦/- મતાનો તેમજ બીજા વેપારીઓ પાસેથી પણ ઉધાર માલ મેળવી તે પેટે કોઇ રકમ નહીં ચુકવી અમીષભાઇ તથા બીજા વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન નાઓ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૦૫૬/૧૭**

**નરોડા :** હેતમભાઇ ઇશ્વરભાઇ શર્મા (ઉ.વ.૩૬)(રહે,કામેશ્વરપાર્ક સોસાયટી, સુમતીનાથ ફ્લેટની સામે કઠવાડારોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૯/૦૫/૨૦૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા દહેગામ રોડ ઉપર આવેલ શ્યામ શિખર કોમ્પલેક્ષ દુકાન નં.૯/૪ ખોડલ ઇલેક્ટ્રોનિકસ નામની દુકાનનું શટલ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ઇલેક્ટીકનો સામન તેમજ વિઠ્ઠલ પ્લાઝામા આવેલ દુકાન નં.૨૮ રાજેંદ્ર મેડીકલ નામની દુકાનમાંથી રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૯૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૭/૧૭</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** ગૌતમકુમાર માણેકલાલ પટેલ (રહે.ભુલેશ્વર સોસાયટી, ઘરડાઘરની બાજુમાં મણીનગર પુર્વ) એ જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૭ નાં કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારેજીઆઈડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નંબર-૩૨૨૩ ધનલક્ષ્મી ઈન્ડ્સ્ટ્રીઝ ની બહાર પાર્કીંગમાં પોતાની સ્વિફ્ટ ગાડી નંબર. જીજે-૨૭-એ.એચ-૪૨૪૯ કિંમત રૂપીયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ:</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૮/૧૭</u>**

**સાબરમતી :** પુષ્પેન્દ્રકુમાર દ્વારકાપ્રસાદ ઘાંચી (ઉ.વ.૩૫)(રહે,ન્યું રાણીપ શુકન સ્માઇલ સીટી ની સાઇટ ઉપર) તા.૧૮/૫/૧૭ રાતનાં ૯/૩૦ વાગ્યાનાં સુમારે સાઇટનાં ધાબા ઉપર સુવા ગયેલ હતા દરમ્યાન ધાબા ઉપરથી નીચે પડી જતાં પુષ્પેન્દ્રકુમારનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશ માનસિંહ ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ:</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૯/૧૭</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** અમર સુદરલાલ ગુપ્તા (ઉ.વ.૨૦)(રહે.પાણીની ટાંકી પાસે, ભરતભાઈ રબારી ના મકાનમાં જશોદાનગર) તા.૧૯/૫/૧૭ બપોરનાં ૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ઈલેક્ટ્રીક વાયર સાથે કરંટ લાગતાં, ઈલેક્ટ્રીક વાયર મરણ જનાર ના હાથ સાથે વીંટાઇ ગયેલ હોઇ, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લાવતા, ફરજ પર ડો.શ્રી એ તેમને મૃતજાહેર કર્યા હતા. આ અંગે જીઆઇડીસી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશ માનસિંહ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.